## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ચાલ હવે ટેન્શન ગયું... વાઈબ્રન્ટમાં ટ્રાફીક નીયમન શીખવી દીધું... દારૂબંધી કડક કરી દીધી... અને નોટબંધીના કારણે નોટ જ નથી એટલે ઘરફોડ પણ નથી થવાની...!!

# મનપા દ્વારા વોર્ડ-૨-૩ના સેવાસેતુમાં ૨૩૦૦ અરજદારો ઉમટ્યા

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સેવાસેતુ કાર્યક્રમનો અંતિમ તબક્કો પ્રથમ રાઉન્ડનો આજે સંપન્ન કરવામાં આવ્યો છે.

૨૩૦૦થી વધુ લાભાર્થીઓએ આજે સેવાસેતુ કાર્યક્રમનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, મેયર પ્રવિણભાઈ પટેલ, હાઉસીંગ સોસાયટીઝના ચેરમેન વાડીભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપરાંત કાઉન્સીલરોએ હાજરી આપી હતી.

સે. ૨૨ના નવરાત્રી ચોકના મેદાનમાં યોજાયેલ આ કેમ્પ માટે ખાસ શમિયાણો તંત્ર દ્વારા ઉભો કરવામાં આવ્યો હતો. લોકો સવારથી જ આ કાર્યક્રમની સુવિધાનો લાભ લેવા આવી પહોંચ્યા હતા.

આજરોજ તમામ મહાનગર પાલિકા અને નગર પાલિકાઓમાં પ્રજાની લાગણી, માંગણી અને અપેક્ષા પૂર્ણ કરવા સેવાસેતુનો કાર્યક્રમ યોજાયેલ જેમાં ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં. ૨ અને ૩માં સમાવિષ્ટ (સે. ૨૯, જીઈબી, બોરીજ, ઈન્દ્રોડા, બાસણ, પાલજ અને સે. ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૩૦)નો સેવાસેતુ કાર્યક્રમ તા. ૨૧-૧-૨૦૧૭ના રોજ સે. ૨૨ નવરાત્રી ચોક પાછળ, ગાંધીનગર ખાતે સવારે ૯ થી ૫ કલાક દરમ્યાન યોજાયેલ હતો. નાગરિકોને સરળતાથી, ત્વરાથી અને ઝડપી સેવા મળે તે હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવેલ જેમાં સરકારના તમામ વિભાગોએ સેવાઓ આપેલ હતી.

આ કાર્યક્રમ દરમ્યાન નાગરિકો માટે જરૂરી તમામ અરજી ફોર્મની નિશુ:લ્ક વ્યવસ્થા કરવામાં આવેલ તેમજ જરૂરી પુરાવા માટે ઝેરોક્ષ અને લેમીનેશનની વ્યવસ્થા કરવામાં આવેલ જેનો કોઈ ચાર્જ લેવામાં આવેલ નથી.

આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને



બ્લડ પ્રેશરની સ્ક્રીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૨૧૦ લાભાર્થીઓએ લાભ લીધેલ.

આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૧૧૦ લોકોએ આધારકાર્ડની નોંધણી કરાવેલ હતી જેની કામગીરી કાર્યક્રમ પૂર્ણ થયા બાદ પણ ચાલુ રહેલ હતી.

આ કાર્યક્રમમાં મા વાત્સલ્ય કાર્ડનું પણ આયોજન કરવામાં આવેલ જેમાં ૯૦ લોકોને મા વાત્સલ્ય કાર્ડનો લાભ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ દરમ્યાન બેંકીંગની જાણકારી માટે આઈ.આઈ.સી. આઈ. પંજાબ નેશનલ બેંક, બેંક ઓફ ઈન્ડીયા દ્વારા ઈ-પેમેન્ટ અંગેનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતુ. અને બેંક એકાઉન્ટ સાથે આધાર લીંક તથા મોબાઈલ લીંક જોડાણ તેમજ ડીઝીટલ લોકર અંગેની જાણકારી આપવામાં આવેલ હતી. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફેશન ટેકનોલોજી દ્વારા ૫૦ અરજદારોને મોબાઈલ એપ ડાઉન લોડ કરી આપવામાં આવેલ હતી.

કાર્યક્રમ દરમ્યાન સિનિયર સીટીઝન્સના કાર્ડ કાઢી આપવાની વ્યવસ્થા પણ કરવામાં આવેલ હતી. જેમાં ૪૭ સિનિયર સીટીઝનોને લેમીનેશન કરી મહાનુભાવોના હસ્તે કાર્ડનું વિતરણ કરવામાં આવેલ હતું.

સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અન્વયે ગાંધીનગર શહેરના નાગરિકોના ૬૦૦ અભિપ્રાયો મળેલ છે.

આ કાર્યક્રમ દરમ્યાન જુદા જુદા વિભાગોને લગતી બાબતો અંગે ૨૩૧૪ અરજીઓ આવેલ હતી, જેમાંથી ૨૦૪૮ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ, ૧ અરજી નકારાત્મક અને ૨૬૫ અરજીઓ પેન્ડીંગ રહેવા પામેલ હતી.

## જનધન ખાતામાં કો.ઓપરેટીવ બેંકો ડિપોઝીટ નહી સ્વીકારે

દેશની કો-ઓપરેટીવ બેંકો જનધન ખાતામાં હવેથી ડિપોઝીટ નહી સ્વીકારે. આવકવેરા વિભાગે આ પ્રતિબંધ ફરમાવ્યો છે. ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટ બંધ કરી દીધા બાદ કેન્દ્ર સરકારે ૫૦ ટકા ટેક્સની ચૂકવણી કરીને બિન હિસાબી રોકડના ધારકો માટે માફીની સ્કીમ શરૂ કરી હતી અને તે ડિપોઝીટ કોઈપણ બેંકમાં જમા કરાવવાની મંજુરી આપવામાં આવી હતી. જો કે જનધન ખાતામાં કો-ઓપરેટીવ બેંકો આવી ડિપોઝીટ નહી સ્વીકારે.

## મુખ્યમંત્રીનો રાજયકક્ષાનો ‘સ્વાગત’ ૨૭મીએ યોજાશે

રાજ્યના અદના નાગરિકોની રજૂઆતો-પ્રશ્નોના ઓનલાઈન સ્થળ પર નિવારણનો ‘સ્વાગત ઓનલાઈન જનફરિયાદ નિવારણ’ રાજ્યકક્ષાનો કાર્યક્રમ આ મહિને તા. ૨૭ જાન્યુઆરી-૨૦૧૭ શુક્રવારે યોજાશે. મુખ્યમંત્રીશ્રી પ્રેરિત આ જનફરિયાદ નિવારણનો રાજ્યકક્ષાનો ‘સ્વાગત’ દર મહિનાના ચોથા ગુરૂવારે ગાંધીનગરમાં યોજાતો હોય છે. આ મહિનાના ચોથા-ગુરૂવારે તા. ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વની જાહેર રજાને અનુલક્ષીને રાજ્ય સ્વાગત શુક્રવારે તા. ૨૭ જાન્યુઆરી-૨૦૧૭ એ રાબેતા મુજબના સમયે યોજાશે તેમ અધિક કલેકટર જનસંપર્કની યાદીમાં જણાવાયું છે.



ભારતભરના પ્રવાસન, સાંસ્કૃતિક તેમજ ખેલકુદ મંત્રીઓની રાષ્ટ્રીય પરિષદનો પ્રારંભ કચ્છના ઘોરડો ખાતે થયો છે. ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર ભાવિન પટેલ અને તેમની ટીમે આ અવસરે સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરી ઉપસ્થિત સૌ દર્શકોના મન મોહી લીધા હતા. આ કાર્યક્રમમાં પાર્થિવ ગોહિલ અને છત્તીસગઢની ટીમ પણ સામેલ હતી.

# ગજ્જર સુથાર સમાજ ગુજરાતની રાજ્ય સ્તરીય બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગજ્જર સુથાર સમાજ ગુજરાતની રાજ્ય સ્તરીય બેઠક ધર્મજ ખાતે ૧૦મા સમુહ લગ્નોત્સવમાં ૨૦ યુગલોના આયોજન અંગે મળી હતી.



બેઠકનો પ્રારંભ દિપ પ્રાગટ્યથી ગીરીશભાઈ મિસ્ત્રી, ઉદ્યોગપતિ ઘનશ્યામભાઈ સુથાર, ડાહ્યાભાઈ ગજ્જર, દિનેશભાઈ સુથાર, વિનોદભાઈ સુથાર, અરવિંદભાઈ સુથાર, ગુજરાત સુથાર સમાજના પ્રમુખ ઠાકોર મિસ્ત્રી, શંકરભાઈ ગજ્જર, ધીરૂભાઈ મિસ્ત્રી, નરસિંહભાઈ સુથાર, કાંતિભાઈ ડભાસા દ્વારા કરવામાં આવ્યું હતું.

બેઠકમાં સમાજના મહિલા અગ્રણી શોભનાબેન, પદ્માબેન, નિકીતાબેન, અમદાવાદના ભગવાનદાસ, પ્રવિણભાઈ, દક્ષાબેન, સુરતથી મંગીબેન, સતિષભાઈ, અંકલેશ્વરથી અનિલભાઈ, નિતાબેન વિગેરે રાજયભરમાંથી અગ્રણીઓએ હાજર રહી ચર્ચાના અંતે સમાજોત્થાનના કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવી,

બેઠકમાં આગામી સમૂહ લગ્નોત્સવમાં ૨૦ જોડાઓને ગત વર્ષની માફક ચાલુ વર્ષે પણ દરેક યુગલોની લગ્ન નોંધણી સ્થળ પર જ થઈ જાય અને ઠરેલા ફોર્મમાં માહિતી અને આધાર પુરાવાની વિગતવાર સમજ આપી જેથી દરેક યુગલોને રૂ. ૨૦ હજારનો ચેક ચાલુ વર્ષે પણ સરકારી સહાય સરળતાથી મળી રહે તેની વિસ્તૃત છણાવટ કરી. સભાનું સંચાલન ચુવાના જીતુભાઈ ગજ્જરે તથા અનિલભાઈ સુથારે કર્યુ હતું.

## જિલ્લાના ૧૨૦૦થી વધુ કાર્યકરો આણંદ જશે

ગાંધીનગર, તા. ૨૧

કેન્દ્રની બોદી એવી મોદી સરકારની નોટબંધીથી સમગ્ર દેશની જનતા પારાવાર વેદના વેઠી રહી છે. તેમજ સરકારની જન વિરોધી નિતીઓને કારણે પ્રજા ત્રાહીમામ પોકારી ગઈ છે. તેને ઉજાગર કરવા કોંગ્રેસ ઉપાધ્યક્ષશ્રી રાહુલ ગાંધીએ દેશ વ્યાપી જન આંદોલન શરૂ કર્યુ છે. જેના ભાગરૂપે આણંદ ખાતે રાજય સ્તરનું ‘‘જન વેદના સંમેલન’’ આગામી ૨૩મી જાન્યુઆરી ૨૦૧૭ને સોમવારના રોજ બપોરે ૨:૦૦ કલાકે, ઉમાભવનની બાજુમાં, બોરસદ ચોકડી, સોજિત્રા રોડ, આણંદ ખાતે ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી ભરતસિંહ સોલંકીના અધ્યક્ષ સ્થાને તેમજ નોટબંધી અંગે આંદોલન અમલીકરણ સમિતિના અધ્યક્ષ મા.શ્રી અહમદભાઈ પટેલ, કોંગ્રેસના રાષ્ટ્રીય મહામંત્રી અને ગુજરાતના પ્રભારીશ્રી ગુરૂદાસ કામતજી, સાંસદશ્રી દિપેન્દ્રસિંહ હુડ્ડાજી, વિપક્ષ નેતાશ્રી શંકરસિંહજી વાઘેલા અને કેન્દ્રિય નિરિક્ષકશ્રી અને સાંસદશ્રી નરેન્દ્ર બુધાનિયાજીની ઉપસ્થિતમાં યોજાનાર છે. જેમાં ગાંધીનગર જિલ્લાનાં તમામ કોંગ્રેસ કાર્યકરો-આગેવાનો સાથી કાર્યકર મિત્રો સાથે આણંદ ખાતે યોજાનાર ‘‘જન વેદના સંમેલન’’માં મોટી સંખ્યામાં સમયસર અચૂક ઉપસ્થિત રહે તે માટે આજરોજ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સંગઠનના જિલ્લા-તાલુકા હોદ્દેદારોની બેઠક મળી હતી. જેમાં દરેક તાલુકામાંથી ૩૦૦ જેટલા કાર્યકરો સહીત લગભગ ૧૨૦૦ જેટલા કોંગ્રેસજનો જિલ્લાભરમાંથી ભાગ લેશે તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યુ છે.

આ બાબતે વધુ માહિતી આપતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખે જણાવ્યુ છે કે જિલ્લા-તાલુકા-ફ્રન્ટલ ઓર્ગેનાઈઝેશન-વિવિધ સેલ વિભાગના તમામ હોદ્દેદારો, વિધાનસભા-તાલુકા-જિલ્લા પંચાયત-નગરપાલિકાના સદસ્યો/ઉમેદવારોએ વ્યક્તિગત રીતે અન્ય ૧૦ સાથી કાર્યકરો સાથે ફરજીયાતપણે ઉપસ્થિત રહેવા પ્રદેશ કક્ષાએથી જણાવાયુ છે જેથી અચૂકપણે આણંદ ખાતે યોજાનાર ‘‘જન વેદના સંમેલન’’માં હાજરી આપવા જિલ્લા કોંગ્રેસ દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.

# રોટરી ક્લબ દહેગામ દ્વારા હેલ્થ ચેકઅપનું આયોજન કરાયું

આપણી વૈભવી લાઈફસ્ટાઈલ, જંક ફુડ, કેલેરીથી ભરપૂર આહાર, કસરતનો અભાવ, હરિફાઈના યુગમાં ટકી રહેવા માટે સતત અનુભવાતી તાણ વગેરે કારણોસર આપણે છૂપા દુશ્મન જે ઘણા રોગોને



આમંત્રણ આપી બેસીએ છીએ. આ રોગોને વહેલા નિદાન દ્વારા તેને ઉગતા જ ડામી શકાય કે તેના ભયંકર નુકસાનથી બચી શકાય છે. રોટરી ક્લબ ઓફ દહેગામ દ્વારા એક વિશિષ્ટ હેલ્થ ચેકઅપ પોગ્રામનું આયોજન અમદાવાદ અને ગુજરાતના સૌપ્રથમ આધુનિક એવા ‘યુનિ હેલ્થ’ સેન્ટર ખાતે તા. ૮ થી ૧૧ જાન્યુઆરી દરમ્યાન કરવામાં આવ્યું હતું.

આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં બ્લડના કાઉન્ટસ, યુરિન, કિડની, લીવર, હાડકાં, હૃદયરોગ માટે જવાબદાર જુદા જુદા કોલેસ્ટેરોલ પ્રોસ્ટેટના કેન્સર માટે પીએસએ, વીટામીન બી૧૨, વિટામીન ડી૩, આર્યન, ફોલિક એસિડ જેવા જરૂરી તમામ રીપોર્ટસ, ગર્ભાશયના મુખના કેન્સરની તપાસ, એક્ષ રે, પેટની સોનોગ્રાફી, સ્તન કેન્સરની તપાસ માટે મેમોગ્રાફી, ટીએમટી, ૨ડી ઈકો, શરીરના બધા જ હાડકા માટે બીએમડી, ફેફસાની કાર્યક્ષમતા માટે પીએફટી, સાંભળવાની ક્ષમતાનો ઓડીપોમેટી ટેસ્ટ, આંખની તપાસ, દાંતની તપાસ, ફિઝિશીયનની તપાસ, ગાયનેકોલોજીસ્ટ દ્વારા તપાસ, ડાયેટેકશિયન કન્સલ્ટીંગ વગેરે તપાસો અતિ આધુનિક ટેકનોલોજી તથા મશીનો દ્વારા નિષ્ણાંતો દ્વારા કરવામાં આવી હતી.

## જીજ્ઞેશ ભજીયાવાલાને ચાર દિવસના રિમાન્ડ પર લેવાયો

અમદાવાદ, તા. ૨૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ધરપકડ કરવામાં આવેલા જિજ્ઞેશ ભજીયાવાલાના ૪ દિવસના રિમાન્ડ મંજુર કરી દેવામાં આવ્યા છે. અમદાવાદની કોર્ટે ચાર દિવસના રિમાન્ડ પર લેવાનો આદેશ જારી કરી દીધો છે. સુરત સ્થિત ફાઈનાન્સીયલ કિશોર ભજીયાવાલાના પુત્ર જિજ્ઞેશ ભજીયાવાલાની ગુરૂવારના દિવસે મોડી સાંજે ધરપકડ કરવામાં આવી હતી. મની લોન્ડરીંગના આરોપસર તેની ધરપકડ કરાયા બાદ તેને આજે સાંજે ખાસ અદાલતમાં સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રજુ કરવામાં આવ્યો હતો. જિજ્ઞેશને હવે ૨૫મી જાન્યુઆરીએ સાંજે પાંચ વાગ્યે ફરી કોર્ટમાં રજુ કરવામાં આવશે.

ઈડીએ અમદાવાદની કોર્ટમાં જીજ્ઞેશના ૧૦ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જોકે કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. જિજ્ઞેશે બેંકમાં ૮૦ લાખ ભર્યા તે ક્યા દસ્તાવેજોના આધારે ભર્યા છે. તેમજ અન્ય બેન્કોમાં ખાતાઓ છે. તેની માહિતી મેળવવાની બાકી હોવાની રજુઆત કરી છે. આ ઉપરાંત એક કરોડ વીસ લાખની નવો નોટો મળી છે તેની અને ૧૭૫ બોગસ આઈડી કાર્ડ દ્વારા નાણાની હેરાફેરી કરી હોવાની પણ તપાસ માટે રીમાન્ડ જરૂરી હોવાનું ઈડીના વકિલ તરફથી કોર્ટને જણાવ્યું હતું. સાથે જ ૮૨૫ જેટલા આઈડી કાર્ડ મળ્યા છે. તે અંગે પણ તપાસ બાકી હોવાનું ઈડીના વકીલ તરફથી કોર્ટમાં રજુઆત કરાઈ હતી. તો જીગ્નેશના વકીલ તરફથી ઈડી દ્વારા એકના એક સવાલો ફેરવી ફેરવીને પુછાતા હોવાનું જણાવાયું હતું. જીગ્નેશે ૪૨ પાનાનુ સ્ટેટમેન્ટ આપ્યું હોવા છતા ઈડીને તેમાંથી શા માટે કઈ મળ્યુ નથી તેવો સવાલ પણ જીગ્નેશના વકીલે કર્યો હતો.

# અમદાવાદમાં પ્રથમ વખત યોજાશે એનઆરજી ગરબા

અમદાવાદ, તા. ૨૧

આગામી ૨૮ જાન્યુઆરી-૨૦૧૭ શનિવારના રોજ



અમદાવાદમાં વૈશ્વિક ગુજરાતી સંગઠન (ગ્લોબલ ગુજરાતી ફેડરેશન)ના ઉપક્રમે એનઆરજી ગરબાનું આયોજન કરાયું છે. નારણપુરા વિસ્તારમાં આવેલા નવદીપ હોલ (નવરંગ સ્કૂલની બાજુમાં) યોજાનારા આ ગરબા મહોત્સવમાં આશરે ૫૦૦ એનઆરજી ભાઈ-બહેનો ભાગ લે તેવી શક્યતા છે. જેમણે દરિયા પાર ગરબાની સંસ્કૃતિનું જતન અને સંવર્ધન કર્યું છે તેવી કેટલીક વ્યક્તિવિશેષ તથા વિશિષ્ટ એનઆરજી ગુજરાતીઓનું પણ અભિવાદન કરાશે. જેમાં ભારતીબહેન જોશી (લંડન), અશોકભાઈ ગોકલદાસ પટેલ (અમેરિકા), જોગિંગરસિંહ છાબરા (ઓસ્ટ્રેલિયા) ચેતન જેઠવા, સ્મિતા સુધીર શેઠ, રિયા શર્મા, ભાવનાબહેન વિનોદભાઈ ગોકલાણી, ભાવિન ઠાકર અને રશ્મિન સાવલિયા (ગોરસ ગ્રુપ)નો સમાવેશ થાય છે. કાર્યક્રમ સાંજના ૬.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન યોજાશે.

ગુજરાત બહાર આશરે એક કરોડ અને ભારત બહાર આશરે ૬૫ લાખ એનઆરજી સમુદાય વસે છે. તેમના હૃદયમાં રહેલો વતનપ્રેમ વિવિધ રીતે અમલમાં પણ હોય છે. એમની વતનપ્રીતિને સન્માનિત કરવાનો અને ગુજરાતની ઓળખસમા રાસ-ગરબા દ્વારા આ પ્રસંગને ઉજવવાનો આ ઉપક્રમ છે.

જાણીતા ગાયક પાર્થ ઓઝા અને સંજય ઓઝાનું વૃંદ રાસ-ગરબા ગવડાવશે અને રમાડશે.

## પ્રસંગ પતાવી જામખંભાળિયાથી પરત જવાનનુ હાર્ટએટેકથી બસમાં જ મોત

ગાંધીનગર તા ૨૧

કરાઇ તાલીમ એકેડમીમાં ફરજ બજાવતા એસ આર પીના જવાનનુ બસમાં જ હૃદય રોગના હુમલાથી મોત નિપજ્યુ હોવાનુ પ્રકાશમાં આવ્યુ છે. કરાઇથી જામખંભાળિયા ગામમાં પ્રસંગમાં હાજરી આપવા માટે ગયેલા ૩૯ વર્ષીય જવાનનુ પરત ફરતી વેળાએ બસમાં જ મોત નિપજ્યુ હતુ. આ મામલે સે-૨૧ પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કરાઇ અકેડમીમાં ફરજ બજાવતા એસ આર પી જવાન બસમાં ઉંઘી ગયા બાદ ઉઠ્યો જ નહીં**

કરાઇ તાલીમ અકાદમીમાં ફરજ બજાવતા અને નરોડામાં રહેતા એસ આર પી ના જવાન વસરામ ધીમાભાઇ પરમાર (ઉ વ ૩૯) ને કોઇ પ્રસંગમાં હાજરી આપવાની હોવાથી તેમણે ફરજ સ્થાનેથી રજા લીધી હતી. જયારે ત્યારબાદ જામખંભાળિયા ખાતે પ્રસંગમાં પહોંચવા માટે નિકળ્યા હતા. ત્યારબાદ પ્રસંગ પતાવી ત્યાંથી સાબર ટ્રાવેલ્સની ખાનગી બસમાં બેસીને તા ૨૦ જાન્યુઆરી બાદ તે પરત આવી રહયા હતા. બસની મુસાફરી દરમિયાન ઉંઘ આવતા સુતા પહેલા તેમણે બસના ક્લીનરને ગાંધીનગર આવતા જાણ કરવા કહ્યુ હતુ.

જયારે બસ ગાંધીનગર પહોંચતા જવાનને ઉંઘમાંથી ઉઠાડવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ નીંદ્રામાં પોઢેલા આ જવાને કોઇ પ્રતિક્રીયા ન દાખવતા તેને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હેસ્પિટલમાં ખસેડાયો હતો. જયાં તેને મૃત જાહેર કરાયો હતો. જવાનનુ મોત હાર્ટ એટેકથી થયુ હોવાનુ મનાઇ રહયુ છે. સે-૨૧ પોલીસ સ્ટેશને અકસ્માતે મોતનો ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.